# કરી દે અંતિમ પ્રહાર મારી ના નથી

**A Poem | May 25, 2021**

*Poem by*
**Mr. Uttam H. Vyas**
Lecturer, Civil Engineering Dept.
C. U. Shah College of Engineering & Technology
C. U. Shah University

કરી દે અંતિમ પ્રહાર મારી ના નથી
આવ તું ઉપર થી અંહી મારી હા નથી.
તારી આ તારાજી માં પણ હું રાજી જ છું
પડીસ,લડીશ,રડીશ પણ હાર નહિ માનું.
કરી દે અંતિમ પ્રહાર........

લડત તારી આ નિર્દોષો સાથે હતી એ અજાણ હતો
પણ તને તો હાર નાં પરિણામો ની જાણ હતી
કરી દે અંતિમ પ્રહાર........

આ વીસ તારું આ વિષ પણ પીવું છે
પણ રેહાવા દે તારા આ ઓચિંતા અણગમા
કરી દે અંતિમ પ્રહાર........

નથી ડરતો તારા આ કાળમુખી કોરોના થી
નથી ડરતો તારા નૃત્ય ના અવિસ્મણિય આંચકાથી
નથી ડરતો તારા આ વૈભવ સમાં વરસાદ થી
કરી દે અંતિમ પ્રહાર........

હવે જાણું હું કે પ્રાથના ની પરાકાષ્ટા થી માન એ તું નથી
પણ હવે તારા આપેલા આ હાથ પણ એ માટે તૈયાર નથી
કરી દે અંતિમ પ્રહાર........

નીડર છું હું પણ અશાવાંત છું હું પણ તારી જેમ
હવે  તો ફરક માત્ર એક કે હું તું નથી
કરી દે અંતિમ પ્રહાર........

હસે તારી નજર માં આ સજા પણ હું એ કેદી નથી
તારી આ સજા ની પણ મજા લે એ "ઉત્તમ" માન તું
કરી દે અંતિમ પ્રહાર મારી નાં નથી
આવ તું ઉપર થી આંહી મારી હા નથી